# પંડિત દિનદયાલ ઉપાધ્યાયના શૈક્ષણિક વિચારોનો અભ્યાસ

**અશોકકુમાર બળદેવભાઈ પ્રજાપતિ**
આસિસ્ટન્ટ પ્રોફેસર, વિદ્યાસાગર બી.એડ.કોલેજ, દાણોદરડા જી.પાટણ
મો:9016922265, Email id: ashok221086@gmail.com

પંડિત દિનદયાલ ઉપાધ્યાયનો જન્મ વિક્રમ સંવત 1973 શાલિવાહન શક 1938 ભાદ્રપદ આશ્વિન કૃષ્ણ 13 સોમવાર,ધનતેરસ ઈ.સ.1916, 25 મી સપ્ટેમ્બર જયપુર અજમેર રેલમાર્ગ પર ધનકિયા ગામ નાના ચુનીલાલ શુકલના ઘરે થયો હતો. તેમના પિતાનું નામ ભગવતી પ્રસાદ અને માતાનું નામ રામપ્યારી હતું. તેમના જન્મનાં 6 મહિના બાદ તેમના પિતાનું અવસાન થયું હતું.તેમનું પાલન પોષણ માતાએ કર્યું હતું. ઈ.સ.1947માં રાષ્ટ્રધર્મ પ્રકાશનની સ્થાપના કરી હતી.10 મી ફેબ્રુઆરી 1968 નાં રોજ ટ્રેનના ડબ્બામાં તેમની હત્યા થઈ હતી. 11 ફેબ્રુઆરી 1968 ના રોજ મુગલરાય રેલ્વે સ્ટેશનના યાર્ડના તેઓનો મૃતદેહ મળી આવ્યો હતો.

પંડિત દિનદયાલ ઉપાધ્યાયને એકાત્મક માનવવાદના પ્રણેતા ગણવામાં આવે છે.

**પંડિત દિન દયાલ ઉપાધ્યાયના શૈક્ષણિક વિચારો**

શિક્ષણ વ્યક્તિનો જન્મસિદ્ધ અધિકાર છે તથા પોતે પોતાનો સમાજ કહેવા વાળા સમુદાયનું પ્રથમ કર્તવ્ય છે કે તે પોતાના બાળકોને શિક્ષિત અને સંસ્કારી બનાવવા સમર્થન કરે.

આશ્રમ વ્યવસ્થાનું પાલન થવું જોઈએ. માતા–પિતા તથા જાતિ વાળી સમાજ વ્યવસ્થા હોવી જોઈએ.

કર્મ કરવું દરેક વ્યક્તિ નું કર્તવ્ય છે તથા કર્મ કરવાના પ્રસંગ માટેનો અધિકાર છે. સમાજ વ્યવસ્થા એવી હોવી જોઈએ કે વ્યક્તિને કર્મની પ્રેરણા થાય તથા વ્યક્તિમાં સમાજના પ્રત્યે દાયિત્વ ઊભું થાય તેના સંસ્કાર ઉત્પન્ન થાય. યોગ ક્ષેત્ર કર્મફળ છે આ પાયાનું સૂત્ર સમષ્ટિ તરફ આવે છે અને સમાજને વ્યક્તિને કર્મના પ્રત્યે અહોભાવની લાગણી પેદા થાય છે. કર્મ ફળ માત્ર પરિશ્રમમાં નથી પરંતુ સંપૂર્ણ ક્ષેત્ર છે કર્મ માત્ર ધન નથી અથવા જીવન રક્ષા અથવા વિદ્યાદાન ની કોઈ આર્થિક કિંમત નથી. યોગ ક્ષેત્રથી ત્રણ યોગક્ષેત્ર નીકળે છે (1) આદર કરવો, કદર કરવી (2) ભૌતિક જરૂરિયાતોને પૂરી પાડવી (3) સુરક્ષા આપવી. કર્મ અને કર્મફળના સંતુલન બગાડવાથી વ્યક્તિ અને સમાજના સંબંધોમાં તિરાડ યોગક્ષેત્ર અપનાવવાની પ્રેરણા આપવી જેથી સંતુલન જળવાઈ રહે. યોગક્ષેત્ર માટે કર્મ ફળના રૂપમાં જે મળે તેમાં સમાજ માટે તથા આવનારી પેઢીઓ માટે બચાવવું તેને યજ્ઞ કહે છે.સમાજ નું કર ચૂકવીને જ્યારે વ્યક્તિ તેનો ઉપયોગ કરે છે તો તે ઉપયોગ ધર્મયુક્ત નો ઉપયોગ છે.

શિક્ષા, કર્મ,યોગક્ષેત્ર અને યજ્ઞનું સંતુલન બગડવાથી સમાજનું ધન વિકૃત બની જાય છે. વિકૃત ધન સમાજના વર્ગોને હાનિ પહોંચાડે છે,પરિણામે સમાજ સુખી નથી બનતું ચિંતા અને કુકર્મો નો શિકાર બની જાય છે . ધર્મ પુરૂષાર્થની સિદ્ધિ માટે સમાજ દ્વારા ઉત્તમ શિક્ષણ વ્યવસ્થા તથા વિધાનનું નિયોજન થવું જોઈએ વ્યક્તિ બુદ્ધિમાન પરાક્રમી બનવા જોઈએ. અર્થ પુરૂષાર્થની સિદ્ધિ માટે કર્મ અને કર્મફળનું સંતુલન હોવું જોઈએ. કર્મફળ વાળા વ્યક્તિ તથા ભૂમિ અને જનમાં આત્મીયતા હોવી જોઈએ. આ પાયાના પુરુષાર્થ ધર્મની સિદ્ધિ વગર પુરુષાર્થ સિધ્ધ થઈ શકતો નથી. કામ પુરૂષાર્થની સિદ્ધિ યોગક્ષેત્ર અને યજ્ઞ સંતુલનથી તથા સંસ્કારથી મનમાં સર્જનની ભાવના પેદા થાય છે. મોક્ષ પુરુષાર્થની સિદ્ધિ કર્મ અને શિક્ષણના સંતુલનથી તથા આત્મસાક્ષાત્કારથી અને ચેતના જાગરણથી થાય છે. ધર્મ, અર્થ, કામની સિદ્ધિ મોક્ષ પુરુષાર્થ ની પ્રક્રિયા છે. શિક્ષણથી બુદ્ધિનો વિકાસ થાય છે તથા આ બુદ્ધિના વિકાસથી સમાજમાં વ્યક્તિ જે તેનો સાચા માર્ગ માં ઉપયોગ કરે. શિક્ષણના દ્વારા સમાજમાં વ્યક્તિ તથા વિદ્યાર્થી સ્વાધ્યાયી બને તે પોતે સ્વઅધ્યન કરતો થાય. શિક્ષણ દ્વારા સમાજમાં વ્યક્તિ તથા વિદ્યાર્થી પોતાના જીવનના મૂલ્યો ને સ્વીકારે. વિદ્યાર્થીને સંસ્કારી બનાવવા નું કાર્ય શિક્ષણ કરે છે. શિક્ષણ દ્વારા માનવ અને સમાજનું નિર્માણ થાય છે. શિક્ષણમાં ગુણવત્તાનું પ્રમાણ જાળવવા માટે જ્ઞાનનું દાન કરવું જોઈએ. વિદ્યાર્થી જ્ઞાની બને જીવનમાં પોતાના જ્ઞાનને આચરણમાં મૂકે તે જોવાની ફરજ શિક્ષણની તથા સમાજની છે માટે સાચા શિક્ષક ની જરૂર છે. મનુષ્યનો સર્વાંગી વિકાસ માટે શારીરિક સુખ માનસિક સુખ ભૌતિક વગેરે પ્રકારના સુખો અપનાવવા પડે શિક્ષણ દ્વારા ભૌતિક માનસિક અને આધ્યાત્મિક મૂલ્યો નો સુખો પ્રાપ્ત થતા હોય છે. શિક્ષણ દ્વારા વ્યક્તિમાં રહેલી રચનાત્મક પ્રતિભાની પ્રગટ કરવી અને એના માટે માનવ ,શ્રમ અને યંત્રોનો સમન્વય જરૂરી છે. ભારતીય સંસ્કૃતિમાં કર્મ અને અર્થાત તમને સર્વોચ્ચ સ્થાન કેળવણી દ્વારા જોવા મળ્યું. વિજ્ઞાન જેવા વિષયની માણસની જીવનમાં લૌકિક અને પારલૌકિક ઉન્નતિ થાય છે તથા તેને અપનાવવાની માણસનો વિકાસ થાય છે. શિક્ષણમાં તકનીકી ક્ષેત્રે અને તેના ઉપયોગથી સામાજિક અને સાંસ્કૃતિક પદ્ધતિનો વિકાસ થાય છે. સામાજિક સંતુલન જળવાઈ રહે તે માટે સામાજિક વિજ્ઞાનની શિક્ષણમાં તે વિષયની ઊંડાણપૂર્વક સમજવું જોઈએ. ભારતીય અનુભૂતિ એની સંસ્કૃતિ દ્વારા થાય છે એકતા માટે સંસ્કૃતિ અત્યંત આવશ્યક છે. સંસ્કૃતિ દ્વારા સંસ્કારોનું સિંચન થાય છે આપણે સંસ્કૃતિ દ્વારા રાષ્ટ્રીયતાના દર્શન કરી શકીએ. કૃષિ દ્વારા વ્યક્તિ પોતાનું જીવન વિકસાવે છે તે પોતે સ્વાવલંબન બની શકે છે. સાહિત્ય અને કલા એ રાષ્ટ્રને માટે ગૌરવની લાગણી ઊભી કરે અથવા પેદા કરે તે આપણા રાષ્ટ્ર નો વારસો છે.

ગાંધીજીના બુનિયાદી શિક્ષણમાં વણાટકામને વધારે મહત્વ અપાયું અને તેની સાથે શ્રી ઉપાધ્યાયે પણ વણાટકામથી મનુષ્ય આત્મનિર્ભર બને તેનું જીવન પ્રગટે એવું માનતા.

ચારિત્ર જીવનમાં મોંઘામાં મોંઘી મૂડી છે તેને શુદ્ધ રાખવા માટે રામાયણ અને મહાભારત જેવા ધર્મગ્રંથો નું વાંચન જરૂરી છે.

એકાત્મ માનવવાદની અનુભૂતિ માટે ઉપનિષદ ગીતા વેદોનું પણ વાંચન જરૂરી છે.

ભાષા એવી સરળ હોવી જોઈએ જેને વ્યવહારિક રીતે ઉપયોગ થાય લોકોને એકબીજા સાથે જોડે વિચારોની અભિવ્યક્તિ થાય સંસ્કૃતિ જળવાઈ રહે.

સંસ્કૃતિ ભાષા રાષ્ટ્રીય એકાત્મતાનો આધાર છે તેના માટે શિક્ષણમાં યોગ્ય વ્યવસ્થા કરવી જોઈએ.

શિક્ષણનું માધ્યમ માતૃભાષામાં હોવું જોઇએ અને તેની અભિવ્યક્તિ ખૂબ જ સરળ હોવી જોઈએ.

ઉદ્યોગો રાષ્ટ્રના વિકાસ માટે ઉપયોગી બને છે.

શિક્ષણ શિસ્ત પાલન સમાજ પ્રત્યે આદરભાવ અને વ્યવહાર સારો હોવો જોઈએ.

શિક્ષણ દ્વારા સારું ચારિત્ર પ્રગટે  છે. પ્રેમની લાગણીઓ પેદા થાય છે.

શિક્ષણ વ્યક્તિને નિસ્વાર્થી બનાવે છે સેવાભાવી બનાવે છે.

શિક્ષણ દ્વારા વ્યક્તિને સુખમાં અને દુઃખમાં કઈ રીતે જીવવું તે બતાવે છે.

શિક્ષણ દ્વારા રાષ્ટ્રની ભાવના મનમાં પેદા થાય છે રાષ્ટ્ર પ્રત્યે સમર્પિત થાય તેવો ભાવ પ્રગટ થાય છે.

ગુરુ પ્રત્યે આદરની લાગણી પ્રગટે છે તેમના આદેશનું પાલન થવું જોઈએ.

શિક્ષણ વ્યક્તિને અહંકાર રહિત બનાવે છે.

શિક્ષણ કાર્યમાં શાંતિનું વાતાવરણ જળવાઈ રહે તેવી વ્યવસ્થા હોવી જોઈએ.

શિક્ષણમાં શ્રમિકોને પ્રશિક્ષણ આપવાની વ્યવસ્થા હોવી જોઈએ.

શિક્ષણમાં ઉત્પાદન વ્યવસ્થા અનુરૂપ શિક્ષણની વ્યવસ્થા હોવી જોઈએ

**સંદર્ભ :**

1. વિકાસશીલ ભારતીય સમાજમાં શિક્ષક,વારિષેણ પ્રકાશન, અમદાવાદ, દ્વિતીય આવૃત્તિ 2003.
2. દવે જ્યોતીન્દ્ર અને પટેલ મોતીભાઈ, શિક્ષણ ચિંતકોનું શિક્ષણ દર્શન, , બી.એસ.શાહ  પ્રકાશન,અમદાવાદ, 1993.
3. તોમર લજ્જારામ, શ્રી ગુરુજીનું શૈક્ષણિક સંશોધન,માધવ સ્મૃતિન્યાસ ,અમદાવાદ, પ્રથમ આવૃત્તિ 2006.
4. દવે જ્યોતીન્દ્ર,કેળવણીના તાત્વિક આધારો,યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ,1996.